# સોશ્યલ ગેધરિંગ

હાલ કોરોનાને લીધે એકબીજાને હળવા મળવાનું સાવ બંધ છે ત્યારે ભેગા ભલે ના થઈએ પણ એની વાતો કરીને તો મન બહેલાવી શકીએ ને? કેટલાય લોકો એવા પણ હોય છે જેને આવી જગ્યાએ જઈને મુંઝારો થવા લાગે. શું વાત કરવી એ સુજે નહીં. આજે એવા લોકો માટે હું કેટલીક સ્પેશિયલ ટીપ આપું છું.



સૌથી પહેલા જેવા અંદર પ્રવેશશો એક આન્ટીઓનું ગ્રૂપ તમને જોઈને તરત જ કહેશે, "અરે આવ આવ, દીકરા/દીકરી તને જોઈને ખૂબ આનંદ થયો." ધ્યાનથી જોજો આ બોલતી વખતે એક મોટી સ્માઈલ એમના ચહેરા ઉપર ખીલી ઉઠી હશે. અહિયાં એક નજર એમની આંખોમાં કરી લેજો. ચહેરા પરના સ્મિત સાથે આંખો મેચ થતી હોય તો એ ખરેખર તમારા શુભચિંતક છે. કેટલીક વખત એવું પણ બને કે આંખો ચકળવકળ ફરતી હોય કે એમાં કોઈ અલગ જ ભાવ દેખાઈ આવતો હોય, આવા આન્ટી સાથે મજાક કરતી વખતે ધ્યાન રાખવું, એમને તરત ખોટું લાગી શકે છે.



## લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

આટલું પતે કે તરત એ આન્ટીની બાજુમાં બેઠેલી એમની સખી કહેશે, "શરીર કેમ આટલું ઉતરી ગયું છે?" એમની વાતમાં ટાપસી પુરાવતા બીજા પણ બે આન્ટી બોલી ઉઠશે, "હા, બૌ પાતળી/પાતળો થઈ ગયો છે. છેલ્લે ગગીના લગ્નમાં મળેલા ત્યારે તો શરીર સારું હતું." આપણે વિચારમાં પડી જઈએ ગગીના લગ્નમાં જેટલું વજન હતું હજી એટલું જ છે, કદાચ એક બે કિલો વધી ગયું હશે. આ લોકોને હું કેમ પાતળી/પાતળો લાગુ છું? હવે અહિયાં લાંબુ વિચારવાની જરૂર જ નથી. આ કોમન ડાયલોગ છે. જે દરેક સ્ત્રી બીજા ઓળખીતાને લાંબા સમયે મળે ત્યારે પૂછતી હોય છે. આ વખતે તમારે પણ એમને સામે પૂછી લેવું, "આન્ટી તમે કેમ કરતાં આટલા પાતળા થઈ ગયા? જીગાની સગાઈમાં જોયેલા એના કરતાં અત્યારે ઘણો ફરક આવી ગયો છે, યોગા ચાલ્યું કર્યા કે જીમમાં જાઓ છો?" બસ, આટલી વાત સાંભળી ત્યાં હજાર દરેક આન્ટી તમને અહોભાવની નજરે જોશે અને રાહ જોશે કે તમે એમના વિષે પણ આવું કશુક કહો. થોડુક વધારે જૂઠ તમે સફળતાપૂર્વક બોલી શકતા હો તો બીજી બે ચાર આન્ટીનાય વખાણ કરીલો નહીંતર આગળ વધી જાઓ.

આગળ એક ગ્રૂપ વહુઓનું હશે. જે તમને એમની સાસુ સાથે હસીને વાત કરતાં જોઈ ગયા ત્યારના ચિંતિત થઈ તમારી સામે જ તાકી રહેલા હશે. એમને મનોમન એ જાણવાની તીવ્ર ઈચ્છા હોય કે તમે એની સાસુ સાથે કઈ વાતે હસી રહ્યા હતા. એ તમને જોતાં જ પૂછશે, "એવી તે શું વાતો કરી, આટલું બધુ હસી રહ્યા હતા?" અહિયાં જવાબમાં ફક્ત હસી નાખવાનું, તમારો એકેય જવાબ એમને ગળે નહીં ઉતરે! અહિયાં તમે એમની સાડી કે ઘરેણાના વખાણ કરી શકો છો તરત એ બીજું બધુ ભૂલીને સાડી ક્યાંથી, કેટલામાં ખરીદી એ વિષે વિસ્તારથી કહેવા લાગશે.

આટલી વારમાં તમે પણ સમારંભમાં આવેલી જૂની વ્યક્તિ થઈ ગયા છો અને હવે તમારે પણ બીજી નવી પ્રવેશી રહેલી વ્યક્તિને આજ સવાલ જવાબ કરવાના છે. વાતો કરીને મન જરૂર ભરાઈ જશે પણ પેટ નહીં ભરાય એટલે પછી થોડીક વાર રહીને જમવાનું ચાલું થયું કે નહીં એની તપસ કરતાં રહેવું અને જેવુ જમવાનું ચાલું થાય એવા તરત જઈને ડિશ લઈ આવવી પણ જમવાનું ચાલું નહીં કરવાનું. એ ડિશ કોઈ એવી આંટીને આપવી જે ઉંમરલાયક હોય કે જેમની તબિયત ખરાબ હોય. આટલું કરીને તમે ત્યાં હાજર દરેક વ્યક્તિના મનમાં તમારું એક ખાસ સ્થાન નિશ્ચિત કરી લેશો.

**અમસ્તું,**

ભરતઃ નિમલા...યાર મારી સાસરીમાં લેડીજ વર્ગ મને ઘેરી લે ત્યારે હું મૂંઝાઇ જાઉં છું.

નિમેષઃ તારે ફક્ત તારા સાસુ સામે જોઈને કહેવાનું, આ ઘરમાં જે સુખ-સ્મૃદ્ધિ છે એ બધું તમારા પ્રતાપે!

@kapdianiyati

# આજે રાજીવ ગાંધીની જન્મજયંતિ

ઈન્દિરા ગાંધી અને ફિરોજ ગાંધીના પુત્ર તથા ભારતના ૬ઠ્ઠા વડાપ્રધાન રાજીવ ગાંધી નો જન્મ ૨૦મી ઓગસ્ટ ૧૯૪૪માં મુંબઈમાં થયો હતો. તેમણે ૧૯૮૪ થી ૧૯૮૯ સુધી ભારતના સૌથી યુવાન વડાપ્રધાન તરીકે સેવા આપી હતી. ૪૬ વર્ષની ઉંમરે ૨૧મી મે ૧૯૯૧ના રોજ ચેન્નઈમાં એક જાહેરસભા દરમિયાન સુસાઈડ બોમ્બર દ્વારા તેમની હત્યા કરવામા આવી હતી. ત્યારબાદ તેમને ભારત રત્ન પુરસ્કાર એનાયત થયો હતો.



## પ્રસંગસર

જીગર એસ બારોટ

રાજીવ ગાંધીના વડાપ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન ભારતમાં ટેલિકમ્યુનિકેશન્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજીનો પાયો, આર્થિક મોડેલનું વિસ્તરણ, ઉદ્યોગમાં આધુનિકરણ, અર્થવ્યવસ્થામાં વધુ વિદેશી રોકાણોને પ્રોત્સાહન, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીની સ્થાપના, યુએસએ સાથે ભારતના સંબંધો મજબૂત પાયો, એન્ટિ-ડિફેક્શન કાયદો, ઓપરેશન બ્લેકબોર્ડ જેવા અનેક કાર્યો થયા હતા.

# શ્રી જે બી પ્રાથમિક શાળા દ્વારા ઓનલાઈન વૉલપીસ સ્પર્ધાનું આયોજન



ગાંધીનગર,તા. ૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જતનકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં ૧૫મી ઓગસ્ટે ધોરણ-૪ના બધા વર્ગોમાં ઓનલાઈન 'વૉલપીસ' (વેસ્ટમાંથી બેસ્ટ) ક્રાફ્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

તેમાં ધોરણ-૪ના બધા વર્ગોના કુલ ૪૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ 'કલા શિક્ષકો'ના માર્ગદર્શન હેઠળ દિવાસળી, પૂંઠું, ફેવિકોલ વગેરે સાધનોનો ઉપયોગ કરી સુંદર 'વૉલપીસ' જેવી સર્જનાત્મક કૃતિઓ બનાવી હતી. તેમાંથી ત્રણ નંબર આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

શાળાના આચાર્યા શ્રીમતી નીવાબેન બી પટેલે આ સ્પર્ધામાં ભાગ લેનાર તેમજ પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

# ગૂજરાત વિદ્યાપીઠ સાદરા સંકુલના સ્વયંસેવકોએ 'ગંદકી મુક્ત ભારત' અભિયાન સાર્થક કર્યું



ગાંધીનગર,તા. ૧૯

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાનાં રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા ગંદકી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ઓગસ્ટ ૮ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જયારે કોરોના મહામારીના કારણે વિદ્યાર્થીઓ પોતાના વતનમાં રહીને સમાજસેવાની વિવિધ પ્રવૃત્તિઓ કરે છે.

તેમાં ભારત સરકારના ગંદકી મુક્ત ભારત અભિયાન અંતર્ગત એન એસ એસ યુનિટના સ્વયંસેવકો દ્વારા ગામોમાં વૃક્ષારોપણ, સ્વચ્છ ગામ માટે શ્રમદાન, ગામમાંથી પ્લાસ્ટિક કચરો ભેંગો કરવો અને પ્લાસ્ટિકની પર્યાવરણ પર ખરાબ અસરો વિશે જાગૃતિ આવે તે મુજબના કાર્યક્રમ, જાહેર શૌચમુક્ત ગામની જાહેરાત, ગામના લોકોને સાથે રાખી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.

બી.એ. ઈતિહાસ વિષયના વિદ્યાર્થી અજય ડામોરે દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના શંકરપુરા ગામે વૃક્ષારોપણનું કાર્ય કર્યું હતુ. સાથે સાથે શ્રમ સફાઈ, સ્વચ્છ ગામ બનાવવાના પ્રયત્નો કર્યા હતા. ગામમાંથી પ્લાસ્ટિક હટાવો ઝુંબેશ શરુ કરી હતી. તેવી જ રીતે સાદરા ગામમાં એન એસ એસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવુનાં માર્ગદર્શન હેઠળ નરેશ રબારી તથા ગામના સરપંચ રેવાબેન ધરમશીભાઈ દેસાઈ તથા સાદરા ગ્રામ પંચાયતનાં સભ્યોએ સાદરામાં વૃક્ષારોપણ કર્યું હતું. સાથે સાથે ગ્રામ પંચાયતના મકાનની આસપાસ સફાઈ કાર્ય કર્યું હતું.

ગૂજરાત વિદ્યાપીઠ સાદરા કેન્દ્રમાં ગુજરાતના વિવિધ ગામોમાંથી વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો અભ્યાસ માટે આવે છે. તેઓએ પોતાના વતનમાં 'ગંદકી મુક્ત ભારત અભિયાન'ને સાર્થક કરી લોક જાગૃતિનો સંદેશો પહોંચાડ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ ભારત સરકારના યુવા યોજનાનાં સંયોજક ડૉ. અરુણભાઈ ગાંધી, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાનાં સંયોજક રમેશભાઈ પટેલની પ્રેરણાથી રાષ્ટ્રીય સેવા યોજના એકમનાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવુ, ડૉ. દિવ્યેશ ભટ્ટ અને ગૂજરાત વિદ્યાપીઠ કાર્યક્રમ અધિકારી પ્રશિક્ષણ કેન્દ્રના કાર્યક્રમ અધિકારી ડૉ. પ્રવિણ દુલેરાનાં માર્ગદર્શન હેઠળ ગૂજરાત વિદ્યાપીઠ સાદરા કેન્દ્રના બી.એ., એમ.એ.,નાં વિદ્યાર્થીઓ પ્રવૃત્તિઓ કરી હતી. જેના થકી ગુજરાતના ખૂણે ખૂણે લોક જાગૃતિનો સંદેશો પહોંચાડ્યો હતો.

# જીઆઈપીએસમાં વેશભૂષા સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર,તા. ૧૯

ધાર્મિક અને રાષ્ટ્રીય તહેવારો માં જન્માષ્ટમી અને સ્વતંત્રતા દિવસની ઉજવણી ઓનલાઈન શિક્ષણ દ્વારા કરાવવામાં આવી હતી. તેમાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના પ્રી પ્રાઈમરી ના બાળકો એ વિવિધ સુંદર વેશભૂષા દ્વારા પોતાનો ઉત્સાહ પ્રગટ કર્યો હતો.શિક્ષકો દ્વારા સ્વતંત્રતા દિવસ અને રાષ્ટ્રીય ધ્વજ વિશે ની માહિતિ આપવામાં આવી છે.

# કાંઠા પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું




ગાંધીનગર,તા. ૧૯

કલોલ તાલુકાના કાંઠા પ્રા. શાળામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં શાખાના આચાર્ય સંજયકુમાર એલ. ભગોરા તથા શૈલેષભાઈ એલ પટેલ તથા શાખા સ્ટાફ આ વૃક્ષારોપણમાં હાજર રહ્યા હતા.



એસ કે પટેલ સ્કૂલમાં ઓનલાઈન સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નાના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલમાં ઓનલાઈન વેશભૂષા સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર, તા. ૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ શૈક્ષણિક કાર્યની સાથે સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં વેશભૂષાની ઓનલાઈન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ધોરણ-૧ થી ૫ની વિદ્યાર્થીની બહેનોએ ભાગ લીધો હતો. ધોરણ-૫ની પ્રજાપતિ ક્રિયા જે રાણી લક્ષ્મીબાઈનું સુંદર પાત્ર ભજવી પ્રથમ સ્થાન આવી હતી.

ધોરણ-૪ની ચૌધરી હેત્વી બી એ શ્રીકૃષ્ણનું પાત્ર ભજવીને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

ધોરણ-૨ની પટેલ દ્વિતી બી એ રાષ્ટ્રીય ફળ કેરીનું પાત્ર ભજવીને તૃતીય પ્રાપ્ત કર્યું હતું. તથા વેશભૂષા સ્પર્ધાનું આયોજન શાળાના શિક્ષક સુધાબેન પટેલે કર્યું હતું. સુપરવાઈઝર ભગવતીબેને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શાળાના આચાર્યા નીરુબેન પટેલે વિજેતા વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

# 'ડાન્સ ફ્રોમ હોમ' સ્પર્ધાનું આયોજન



ગાંધીનગર, તા. ૧૯

આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલનાં વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન 'ડાન્સ ફ્રોમ હોમ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧ થી ૬ના કુલ ૮૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં ઉત્તમ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધાનું સંચાલન આશિષભાઈ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.



પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથજી ખાતે ગુ.રાજ્યના બી.જે.પી નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે શ્રી સોમનાથ મહાદેવના દર્શન, મહાપૂજા, ધ્વજા પૂજા કરી ધન્યતા અનુભવી.

# જન્મદિને વધામણી



ગેબાભાઈ કે પટેલ
મો. ૯૯૦૪૭ ૮૦૩૪૭



વાસુ આર ત્રિવેદી
મો. ૯૦૯૯૦ ૭૫૧૯૨



પ્રિયંકા પરમાર



ઉત્તરા રાજેશકુમાર દુલેરા
મો. ૭૨૨૬૯ ૫૩૫૬૦



વેદાંત પુરોહિત



મહંમદઅર્શ તસ્લીમઆરીફ શેખ
મો. ૯૦૯૯૦ ૭૫૧૫૪



નિષિત દિપકભાઈ મુલાણી
મો. ૯૧૫૭૪ ૨૭૭૬૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

**સચેત રહો સુરક્ષિત રહો**